# જાદૂની હકીકત તથા તેનો ઈલાજ

અઝ

## હઝરત મૌલાના શાહ તુરાબુલહક્ક઼ ક઼ાદરી رحمۃ اللہ علیہ

અનુવાદક

## પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફ઼ા : હુઝૂર તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

પ્રકાશક


## અંજુમને રઝાએ મુસ્તફ઼ા–દયાદરા

GRWB/059/Bharuch/02 C/o. ફ઼ય્ઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

| | |
|---|---|
| Web. :www. barkatekhwaja.net | Email :anjuman2006@hotmail.com |

Mo. 9427464411 (PhonePe/Paytm)

Bank Details

Bank of Baroda (Dayadra branch)
A/c. No. 34620100000303, Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: ૨૫૦ | આવૃત્તિ–૨ | પ્રત: ૨૮૦૦ |
| ૧૩ રબીઉલ આખર | હિ.સ ૧૪૪૧ | ડિસેમ્બર–૨૦૧૯ |

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## *ભલા કિસી કા કર ન સકો તો બુરા કિસીકા મત કરના*

પ્યારા દીની ભાઈઓ ! આપણે મુસલમાન છીએ. રબ તઆલા ફર્માવે છે : "મુસલમાન મુસલમાન ભાઈ છે, તો તમારા બે ભાઈઓમાં સુલહ કરો, અને અલ્લાહથી ડરો કે જેથી તમારા પર રહ્‌મત થાય." *(સૂ. હુજુરાત, ૪૯/૧૦)*

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને બે મુસલમાનો ઝઘડે તથા તેમનામાં અનબન થાય એ હરગિઝ પસંદ નથી, મુસલમાનોમાં કાંઈક થયું તો સાચા દિલથી જલ્દી સુલહ કરી લેવી જોઈએ જો ખરેખર તમો અલ્લાહથી ડરતા હોવ તો, અને જો તમે અલ્લાહની રહ્‌મત ચાહતા હોઉ તો. જ્યારે રબ તઆલા બે મુસલમાનો વચ્ચે અનબનને પસંદ નથી કરતો તો. પછી કોઈ મુસલમાનનું કોઈ બુરુ ચાહે કે બુરુ કરે તેનાથી રબ તઆલા કેટલો નારાજ થતો હશે. અને અલ્લાહની નારાઝગી એ બંને જહાનમાં બર્બાદીનો સબબ બને છે. હદીષ શરીફમાં છે : બેશક ! મુસલમાન મુસલમાનનો ભાઈ છે, તો તે તેના પર જુલ્મ ન કરે અને તેને ગાળ ન આપે, ભલુબુરુ ન કહે. જે પોતાના મુસલમાનભાઈની જરૂરત પૂરી કરવામાં રહેશે તો અલ્લાહ તેની જરૂરત પૂરી કરશે. અને જે કોઈ કોઈ મુસલમાનની તકલીફ દૂર કરશે તેના બદલામાં અલ્લાહ તેને કયામતની તકલીફોમાંથી તકલીફ દૂર ફર્માવશે, અને જે કોઈ મુસલમાનનો અયબ છુપાવશે અલ્લાહ કયામતના દિવસે તેનો અયબ છુપાવશે. *(સિરાજ, બુખારી વ મુસ્લિમે રિવાયત કરી બહવાલા તફસીરે જવાહિરુલ ઈર્ફાન અલ્મઅરૂફ તફસીરે રઝવી)*

ટૂંકા લખાણમાં લાંબી સ્પષ્ટતા શક્ય નથી પણ આ ખુદા વ રસૂલના ફર્માનોને વારંવાર વાંચો અને વિચારો કે જેઓ પોતાના મો'મિનભાઈ બહેનોનું બુરુ ચાહે કે બુરુ કરે તેનો અંજામ શું થશે ? આજકાલ જાદૂ કરવા કરાવવાની બીમારી જે ચાલે છે તેનાથી જો તમો મુસલમાન છો તો તેનાથી દૂર રહો અને એવા કામોથી તૌબા કરી આપસમાં એકબીજાનું ભલુ ચાહનારા તથા ભલુ કરનારા બની જાવ તો બંને જહાનમાં આબાદ થઈ જશો.

**-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તા. ૨૦/૦૨/૨૦૨૦, જુમેરાત)*

نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهٖ سَیِّدِ الْمُرْسَلِیْنَ وَعَلٰی اٰلِهٖ وَاَصْحَابِهٖ

اَجْمَعِیْنَ. اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ.

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ.

وَلَقَدْ عَلِمُوْا لَمَنِ اشْتَرٰىهُ مَا لَهٗ فِی الْاٰخِرَةِ مِنْ خَلَاقٍ

صَدَقَ اللّٰهُ الْعَظِیْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِیُّ الْاَمِیْنُ الْکَرِیْمُ. وَنَحْنُ

عَلٰی ذٰلِكَ لَمِنَ الشَّاهِدِیْنَ وَالشَّاکِرِیْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِیْنَ.

હમ્દો સલાત બાદ કુર્આને મજીદ ફુર્કાને હમીદની સૂરએ બક઼રહથી આયત નં. ૧૦૨ તિલાવત કરવાનો શરફ હાંસલ કર્યો. રબ તઆલાથી દુઆ છે કે તે પોતાના પ્યારા મહબૂબ ﷺના સદક઼ા તથા તુફૈલથી મને હક્ક઼ કહેવાની તૌફીક઼ અતા ફર્માવે અને અમને સર્વ મુસલમાનોને હક્ક઼ને સાંભળીને તેને ક઼બૂલ કરવાની તથા તેના પર અમલ કરવાની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

અલ્લાહ તઆલાની ઝાત ઘણી જ મહાન ઝાત છે, તે જ્યારે ચાહે જેને ચાહે જે સમયે ચાહે જે ચાહે અતા કરી શકે છે. તેના દસ્તે કુદરતને કોઈ પકડી નથી શક્તુ. માણસે પોતાના રબની વહેંચણી પર રાજી રહેવું જોઈએ, અને દરેક હાલતમાં અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવો જોઈએ. અને રબ તઆલાએ કોઈને ખૂબ નવાઝયો છે તો તેના માલ દૌલત, હુસ્નો જમાલ તથા ખુશ્બુઓથી હસદ કરવો

ન જોઈએ, બલ્કે એ સોચ રાખવી જોઈએ કે તેને જે મળ્યું છે, જેટલુ મળ્યું છે સર્વ કાંઈ મારા રબે અતા કર્યું છે, તો શું હું અલ્લાહ તઆલાની અતા પર વાંધો ઉઠાવું ?!

મોહતરમ હઝરાત ! પછી એ હસદ નફરતમાં ફેરવાય જાય છે. દિલમાં નફરતની આગના શોલા ભડકી ઉઠતા હોય છે. છેવટે નફરતની આગને ઠંડી કરવા માટે જાદૂ જેવી ગંદી ચીજનો સહારો લેવામાં આવે છે. હજારો લાખો રૂપિયા ખર્ચ કરીને જાદૂ કરાવીને તેના ખુશીઓ ભરેલા ચમનિસ્તાનને ઉજાડી દેવામાં આવે છે, છતાંય નફરતની આગ ઠંડી નથી થતી. જાદૂ પર જાદૂના વાર ચાલુ રાખવામાં આવે છે. તેને કોઈ રીતે પણ ઉઠવા તથા સંભલવાનો મોક઼ો નથી આપતા, અને આ રીતે તેને તડપતો જોઈને પોતાના દિલને સુકૂન પહોંચાડે છે !

પણ ક્યાં સુધી ? પછી એ સમય આવે છે કે આવું ગંદુ કામ કરવા અને કરાવનારા જ્યારે રબ તઆલાની પકડમાં આવે છે તો પછી તેમને કોઈ નથી બચાવી શકાતુ. અલ્લાહ કરે એવા લોકો પોતાની રવિશથી દૂર થઈ જાય.

મોહતરમ હઝરાત ! આજનો આપણો વિષય જાદૂ છે, એટલા માટે આપણે આપણા વિષયની તરફ ચાલીએ છીએ અને જોઈએ છીએ કે જાદૂની હક઼ીક઼ત શું છે ? શું જાદૂનું કોઈ અસ્તિત્વ છે ? શું જાદૂઈ અમલથી સામાવાળાની જિંદગી તથા તંદુરસ્તી પર કોઈ અસર પડે છે ? શું જાદૂ થકી કોઈને ક઼ત્લ કરી શકાય છે ? શું અંબિયા عَلَيْهِمُ السَّلَام અને હુઝૂર ﷺ પર જાદૂ કરવામાં આવ્યો હતો ? આ

સર્વ વાતોનો કુર્આન તથા હદીષથી ક્યાં સુધી સંબંધ છે એને દલીલોની રોશનીમાં જોઈએ છીએ.

## ★ જાદૂનો અર્થ ★

સૌ પ્રથમ જાદૂના અર્થ વિશે જોઈએ છીએ. અરબીમાં જાદૂને 'સહર' કહેવામાં આવે છે. આ શબ્દ કુર્આન મજીદમાં કેટલીયેવાર વર્ણન થયેલો છે. એક તેહક઼ીક઼ના અનુસાર 'સહર' શબ્દ કુર્આન મજીદમાં ૩૭ વખત આવેલો છે.

## ★ જાદૂની સાબિતી કુર્આન મજીદની રોશનીમાં ★

મોહતરમ હઝરાત ! જાદૂનું અસ્તિત્વ છે. એ અર્થમાં છે કે એની અસરો થાય છે, ચાહે એ રીતે કે કોઈ ચીજ પર હક઼ીક઼તમાં અસર થાય અથવા એ રીતે કે લોકોની નઝરબંદી થાય. કુર્આને મજીદ ફુર્કાને હબીબમાં સૂરએ તાહાની આયત નંબર ૬૫ થી ૭૦માં હઝરત મૂસા عليه السلامના મુક઼ાબલામાં જાદૂગરોના જાદૂ કરવાનો ઉલ્લેખ મૌજૂદ છે. જેમ કે ઈર્શાદ થાય છે :

فَتَنَازَعُوْٓا اَمْرَهُمْ بَيْنَهُمْ وَ اَسَرُّوا النَّجْوٰى ﴿٦٢﴾ قَالُوْٓا اِنْ
هٰذٰنِ لَسٰحِرٰنِ يُرِيْدٰنِ اَنْ يُّخْرِجٰكُمْ مِّنْ اَرْضِكُمْ
بِسِحْرِهِمَا وَ يَذْهَبَا بِطَرِيْقَتِكُمُ الْمُثْلٰى ﴿٦٣﴾ فَاَجْمِعُوْا
كَيْدَكُمْ ثُمَّ ائْتُوْا صَفًّا ۚ وَ قَدْ اَفْلَحَ الْيَوْمَ مَنِ اسْتَعْلٰى ﴿٦٤﴾
قَالُوْا يٰمُوْسٰٓى اِمَّآ اَنْ تُلْقِيَ وَ اِمَّآ اَنْ نَّكُوْنَ اَوَّلَ مَنْ اَلْقٰى ﴿٦٥﴾
قَالَ بَلْ اَلْقُوْا فَاِذَا حِبَالُهُمْ وَ عِصِيُّهُمْ يُخَيَّلُ اِلَيْهِ مِنْ

سِحۡرِهِمۡ اَنَّهَا تَسۡعٰى ﴿٦٦﴾ فَاَوۡجَسَ فِیۡ نَفۡسِهٖ خِیۡفَةً مُّوۡسٰى ﴿٦٧﴾
قُلۡنَا لَا تَخَفۡ اِنَّكَ اَنۡتَ الۡاَعۡلٰى ﴿٦٨﴾ وَ اَلۡقِ مَا فِیۡ یَمِیۡنِكَ
تَلۡقَفۡ مَا صَنَعُوۡا ؕ اِنَّمَا صَنَعُوۡا كَیۡدُ سٰحِرٍ ؕ وَ لَا یُفۡلِحُ
السَّاحِرُ حَیۡثُ اَتٰى ﴿٦٩﴾ فَاُلۡقِیَ السَّحَرَةُ سُجَّدًا قَالُوۡۤا اٰمَنَّا
بِرَبِّ هٰرُوۡنَ وَ مُوۡسٰى ﴿٧٠﴾

"જાદૂગર બોલ્યા, હે મૂસા ! પ્રથમ અમે નાખીએ કે તમે નાખશો ? મૂસાએ કહ્યું, તમે જ નાખો ! ત્યારે તેમની રસ્સીઓ તથા લાઠીઓ તેમના જાદૂના જોરથી તેમના ખયાલમાં દોડતી જણાયી. તો પોતાના જીવમાં મૂસાએ ડર અનુભવ્યો. અમે ફ઼ર્માવ્યું, ડર નહીં ! બેશક ! તું જ ગાલિબ છે અને નાખી તો દે જે તારા જમણા હાથમાં છે, તેમની બનાવટોને ગળી જશે જેને તેઓ બનાવીને લાવ્યા છે એ તો જાદૂગરનો ધોકો છે, અને જાદૂગરનું ભલુ નથી થતું ક્યાંક આવે. તો સર્વ જાદૂગરોને સજદામાં નાખી દેવામાં આવ્યા. બોલ્યા, અમે એના પર ઈમાન લાવ્યા જે હારૂન તથા મૂસાનો રબ છે."

*(સૂ. તાહા, ૨૦/૬૫ થી ૭૦)*

બીજા સ્થળે સૂરએ બક઼રહની આયત નં. ૧૦૨માં ઈર્શાદ થાય છે : وَ لٰكِنَّ الشَّیٰطِیۡنَ كَفَرُوۡا یُعَلِّمُوۡنَ النَّاسَ السِّحۡرَ

"હા ! શૈતાન કાફ઼િર થયા, લોકોને જાદૂ શીખવાડે છે." ઈમામ શામી عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ રદ્દુલ મુહ્તાર, ૧/૪૪ (દારુલ ફ઼િક્ર બૈરૂત) પર ફ઼ર્માવે છે : "શરહે ઝઅફ઼રાનીમાં છે, જાદૂનો વજૂદ, તેનો ખયાલ અને તેની અસર અમારી નજીક હક઼ છે."

મોહતરમ હઝરાત ! મોઅતઝલાની નજીક જાદૂની કોઈ હક઼ીક઼ત નથી અને તેમની નજીક એ કેવળ નઝરબંદી તથા શોઅબદાબાઝી છે, એનાથી વધીને કાંઈ નથી, પરંતુ જમહૂર ઉલમા તથા ફક઼ીહોની નજીક જાદૂ એક હક઼ીક઼ત છે અને તેનો ઉલ્લેખ કુર્આન તથા હદીષમાં મૌજૂદ છે. જેમ કે અલ્લામા તફતાઝાની શરહુલ મક઼ાસિદ, ભાગ : ૫, પેજ નં. ૭૯ થી ૮૧ પર ફર્માવે છે : મોઅતઝલાએ કહ્યું કે સહર (જાદૂ)ની કોઈ હક઼ીક઼ત નથી. તેમની દૃષ્ટિએ એ કેવળ નઝરબંદી છે. અને એનો સબબ કરતબ, હાથની સફાઈ તથા શોઅબદાઝી છે. અમારી દલીલ એ છે કે સહર (જાદૂ) અસલમાં શક્ય છે અને રબ તઆલા એને પેદા કરવા પર ક઼ાદિર છે અને તેનો ખાલિક઼ છે. જાદૂગર કેવળ કર્તા તથા કસબ કરનાર છે અને તેના અસ્તિત્વમાં આવવા તથા હક઼ીક઼ત પર તમામ ફુક઼હાએ ઈસ્લામ (ફક઼ીહો)નો ઈજમાઅ છે.

ઈમામ નવવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ શરહે મુસ્લિમ, ૧૪/૧૭૪ પર ફર્માવે છે કે ઈમામ માઝુરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અહલે સુન્નત તથા જમહૂર ઉલમાએ ઉમ્મતનો મઝહબ એ છે કે જાદૂ સાબિત છે અને એ કે અન્ય સાબિત ચીજોની જેમ એની હક઼ીક઼ત છે.

વધુમાં ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ આ (જાદૂગર)નું વર્ણન પોતાની કિતાબમાં કર્યું છે અને એ પણ વર્ણવ્યું છે કે એને શીખવામાં આવે છે. અને એમાં ઈશારો છે કે જાદૂ એ ચીજોમાંથી છે જેનાથી કુફ્ર કરવામાં આવે છે અને એ કે એના થકી પતિ પત્ની વચ્ચે જુદાઈ કરાવી દેવામાં આવે છે અને એ સર્વ ચીજો એમાં શક્ય નથી જેની

હક઼ીક઼ત ન હોય. અને એ હદીષ (જેમાં હુઝૂર ﷺ પર જાદૂ કરવાનું વર્ણન છે) પણ જાદૂની સાબિતિને સ્પષ્ટ કરે છે.

## ★ હદીષમાં હુઝૂર ﷺ પર જાદૂનો ઉલ્લેખ ★

હદીષ : બુખારી શરીફ (તર્જુમા) કિતાબ બદઉલ ખલ્ક઼માં હદીષ નં. ૩૦૩૮ નકલ થયેલ છે. હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલે પાક ﷺ પર જાદૂ કરી દેવામાં આવ્યો તો આપ ﷺની એ હાલત થઈ ગઈ કે આપે કાંઈ ન કર્યું હોવા છતાં ખયાલ થતો કે મેં એ કામ કરી દીધું છે, જ્યારે કે તે કામ કર્યું ન હોતું. એક દિવસ આપ મારી પાસે હતા. આપ દુઆ કરતા રહ્યા. પછી આપ ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! શું તમને ખબર છે કે અલ્લાહ કરીમે મને એનાથી શિફા પામવાનો નુસ્ખો શીખવાડયો. (મેં અર્ઝ કરી, તે શું યા રસૂલલ્લાહ ! ﷺ) આપ ﷺએ ફર્માવ્યું, મારી પાસે બે માણસ આવ્યા. એમાંથી એક મારા માથાની પાસે અને બીજો મારા પગો પાસે બેસી ગયો. પછી એમનામાંથી એકે પોતાના સાથીને પૂછયું, આ માણસને શું તકલીફ છે ? બીજાએ કહ્યું, એના પર જાદૂ કરવામાં આવ્યો છે. પૂછયું, કોણે કર્યો ? જવાબ આપ્યો, લબીદ બિન અઅ્સમ યહૂદીએ. પૂછયું, કઈ ચીજ વડે ? કહ્યું, કાંસકી તથા કાંસકીથી નીકળનારા વાળોને નર ખજૂરની છાલમાં રાખીને. પૂછયું, તે ક્યાં છે ? જવાબ આપ્યો, ઝરવાનના કૂવામાં. રાવીનું બયાન છે કે નબી પાક ﷺ (પોતાના સહાબાની સાથે) એ કૂવા પર તશરીફ લઈ ગયા. પરત થતાં હઝરત આઈશા رضی اللہ عنہاને ફર્માવ્યું, એ કૂવાની પાસે શૈતાનોના માથાંઓની જેમ ઝાડો હતાં.

હઝરત આઈશા رضی اللہ عنہا નું બયાન છે કે મેં અર્ઝ કરી, આપે એને જાહેર કર્યુ ? ફર્માવ્યું, નહીં ! અલ્લાહ તઆલાએ મને આફિયત (રાહત) આપી અને શિફા બખ્શી અને હું એ વાતથી ડર્યો કે ક્યાંક એના કારણે લોકોમાં ફિત્નો ન ફેલાય. પછી આપ علیہ الصلوٰۃ والسلام એ જાદૂની ચીજને દફન કરવાનો હુકમ આપ્યો.

તફસીરે ખાઝિન, ભાગ–૪ના પેજ નં. ૪૨૮ પર ઈમામ ખાઝિન رحمۃ اللہ علیہ ફર્માવે છે : લબીદ બિન અઅ્સમ યહૂદી તથા પુત્રીઓએ હુઝૂર صلی اللہ علیہ وسلم પર જાદૂ કર્યો અને હુઝૂર صلی اللہ علیہ وسلم ના શરીર મુબારક અને જાહેર અંગો પર તેની અસર થઈ, અલ્બત્ત દિલ, બુદ્ધિ તથા એતેક઼ાદ પર કોઈ અસર ન થઈ. થોડાક દિવસો પછી હઝરત જિબ્રઈલ علیہ السلام આવ્યા અને તેમણે અર્ઝ કરી, એક યહૂદીએ આપના પર જાદૂ કર્યો છે અને જાદૂનો જે કાંઈ સામાન છે તે ફલાણા કૂવામાં એક પથ્થરની નીચે દબાવેલો છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ મૌલા અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ને મોકલ્યા અને તેમણે કૂવાનુ પાણી કાઢયા બાદ પથ્થર ઉઠાવ્યો તો એની નીચેથી ખજૂરના ઝાડના નરમ હિસ્સાથી બનેલી થેલી મળી આવી જેમાં હુઝૂર صلی اللہ علیہ وسلم ના બાલ મુબારક જે કાંસકીથી નીકળ્યા હતા અને નબી પાક صلی اللہ علیہ وسلم ની કાંસકીના અમુક દાંતા અને એક દોરો અથવા કમાનનો ચિલ્લો જેમાં અગિયાર ગાંઠો લાગેલી હતી, અને એક મીણનું પૂતળુ હતું જેમાં અગીયાર સોયો ખોસેલી હતી. એ બધો સામાન પથ્થરની નીચેથી કાઢયો અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં હાજર કરવામાં આવ્યો. રબ તઆલાએ સૂરએ ફલક઼ તથા સૂરએ નાસ નાઝિલ કરી. એ બંનેવ સૂરતોમાં ૧૧ આયતો છે. પાંચ સૂરએ ફલક઼માં અને છ સૂરએ નાસમાં. દરેક આયત

પઢવાની સાથે એક એક ગાંઠ ખુલતી જતી હતી, ત્યાં સુધી કે સૌ ગાંઠો ખુલી ગઈ અને હુઝૂર ﷺ બિલકુલ તંદુરસ્ત થઈ ગયા.

મોહતરમ હઝરાત ! એ વાત યાદ રહે કે જાદૂની અસર કેવળ હુઝૂર ﷺની શારીરિક તંદુરસ્તી સુધી મર્યાદિત હતી, રિસાલતનું કોઈ પાસુ તેનાથી તદ્દન પ્રભાવિત ન હતું. આ વાતને ઈમામ નવવી رحمۃ اللہ علیہએ પણ મુસ્લિમ શરીફની શરહ ૧૪/૧૭૫ પર વર્ણવી. ઈમામ નવવી ફર્માવે છે કે ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, આ પ્રમાણેની જેટલી રિવાયતો આવેલી છે, એનાથી મુરાદ એ છે કે જાદૂનો અસર આપના શરીર મુબારક તથા જાહેરી અંગો પર થયો હતો. આપની અક્લ, આપના દિલ તથા એતેકાદ (અકીદાઓ) પર એની કોઈ અસર થઈ ન હતી.

મોહતરમ હઝરાત ! આપે જાદૂની હકીકત કુર્આન મજીદથી સાંભળી. અને જાણી લીધું કે જાદૂ હક્ક છે, એનો ઈન્કાર નથી કરી શકાતો. હવે એ માલૂમ કરીએ છીએ કે શું કોઈ રસૂલુલ્લાહ ﷺના સહાબી પર પણ જાદૂ કરાવવામાં આવ્યો હતો ?

## ★ હઝરત ખાલિદ બિન વલીદ પર જાદૂ ★

અત્તરગીબ, ૨/૨૦૩ પર લખેલ છે. સહાબીએ રસૂલ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ઘણા જ બહાદુર તથા નિડર હસ્તી છે. બારગાહે રિસાલતથી આપે સૈફુલ્લાહ એટલે અલ્લાહ તઆલાની તલ્વારનો લકબ પામ્યો છે. હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પર કોઈએ જાદૂ કરી આપ્યો જેના સબબે જિન્નાતે આપના પર હુમ્લો કર્યો તો આપ પર ડર છવાય ગયો અને રાતના સમયે આપને

ડરામણા સ્વપ્નાં આવતાં જેના કારણે આપ બેચેની મેહસૂસ કરતા. જેથી હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ આ કલમા

اَعُوذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّةِ مِنْ غَضَبِهٖ وَشَرِّ عِبَادِهٖ وَمِنْ هَمَزَاتِ الشَّيَاطِيْنِ وَاَنْ يَّحْضُرُوْنِ

રાત્રે ત્રણવાર પઢવાની તલ્કીન કરી.

હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પરત આવ્યા અને એ કલમા પઢવા શરૂ કર્યા. એકવાર પઢયા, બીજીવાર પઢયા અને જ્યારે ત્રીજીવાર પઢયા તો આપ પર કરમ થયો. એનો ઉલ્લેખ આપે હુઝૂર صلی اللہ علیہ وسلم ની બારગાહમાં આ પ્રમાણે કર્યો :–

યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મારાં મા બાપ આપના પર કુર્બાન થાય, એ જાતની ક઼સમ જેણે આપને હક઼્ક઼ની સાથે મોકલ્યા, આપ صلی اللہ علیہ وسلم એ જે કલમા શીખવાડયા હું તેને ત્રણવાર પૂરા ન કરી શક્યો એટલામાં અલ્લાહ કરીમે મારી તમામ તકલીફો દૂર કરી આપી. એ રાતે જ્યારે મારા પર ખૌફ છવાયેલો હતો ત્યારે મેં આ વઝીફો પઢયો તો આપ صلی اللہ علیہ وسلم ની તાલીમની બરકતથી મારામાં એટલી બહાદુરી આવી ગઈ કે જો અત્યારે મને સિંહના પિંજરામાં રાખી દેવામાં આવે તો મને કોઈ ખૌફ મેહસૂસ નથી થતો !

મોહતરમ હઝરાત ! આ રિસાલતથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن પર પણ જાદૂઈ હુમલા થયા અને તેમને પણ જાદૂના થકી તકલીફ આપવાની કોશિશ કરવામાં આવતી, પણ આક઼ા વ મૌલા صلی اللہ علیہ وسلم ની રહનુમાઈએ તેમને

દરેક જાદૂ દરેક બલાથી નજાત અપાવી દીધી.

## ★ લોકોમાં જાદૂ કેવી રીતે ફેલાયો ? ★

જામિઉલ બયાન, ૧/૩૫૩ પર નક્લ છે : હઝરત સુલૈમાન علیہ السلامના હુકૂમતના દૌર પહેલાં સરકશ જિન્નાત શૈતાનો આસ્માની દુનિયાની નજીક જતા અને ત્યાં છુપાઈને ફરિશ્તાઓની વાતો સાંભળતા. ફરિશ્તાઓ પર જે અલ્લાહ તઆલાનો હુકમ નાઝિલ થતો તેઓ એકબીજાને અલ્લાહ તઆલાનો હુકમ પહોંચાડતા. એમાં એ પ્રકારની વાતો હોતી કે કોણ ક્યારે મરશે ? વરસાદ ક્યારે થશે ? જિન્નાત એ વાતો સાંભળીને જ્યોતિષો તથા જાદૂગરોને બતાવી દેતા. જ્યોતિષ તથા જાદૂગર એ વાતો લોકો સમક્ષ વર્ણવતા. અમુક વાર એ વાતો અસ્તિત્વમાં આવી જતી. એ જ્યોતિષો જિન્નાતની તરફથી મળનારી ખબરોની સાથે સાથે પોતાની પાસે ઘણી બધી વાતો લોકોને વર્ણન કરીને તેમનામાં ઝઘડા કરાવી દેતા હતા.

જાદૂગરો તથા જ્યોતિષોએ એ વાતોને કિતાબોમાં લખવાનુ શરૂ કર્યું જેને તેઓ જિન્નાતથી હાંસલ કરતા હતા. પછી જિન્નાતે જ્યોતિષોને જાદૂના પ્રકારો શીખવાડયા અને એ મંત્ર શીખવાડયા જેને પઢવાથી સરકશ જિન્નાત, શૈતાનો ખુશ થાય અને તેઓ જાદૂગરના માટે કામ કરે. આ રીતે શૈતાનોની મદદથી જાદૂગરોએ કિતાબો લખી. હઝરત સુલૈમાન علیہ السلامએ તલાશ કરાવીને એ કિતાબોને જપ્ત કરીને એક સંદૂકમાં રાખીને પોતાના તખ્તની નીચે દફન કરાવી દીધું. જિન્નાતમાંથી જો કોઈ આપની કુર્સી (તખ્ત)ની

પાસે આવતો તો તે સળગી જતો. જયારે હઝરત સુલૈમાન علیہ السلامનો વિસાલ થઈગયો અને એક અરસો પસાર થઈ ગયો જેમાં ઉલમાએ રબ્બાનિય્યીન પણ વિસાલ કરી ગયા. પછી શૈતાન માનવ સ્વરૂપમાં બની ઈસ્રાઈલની એક જમાઅતના પાસે આવ્યો અને કહેવા લાગ્યો, હું તમને એક ન ખત્મ થનારો ખજાનો બતાવું ? લોકોએ કહ્યું, જરૂર બતાવો. શૈતાન તે લોકોને લઈને ત્યાં પહોંચ્યો જયાં સુલૈમાન علیہ السلامનો તખ્ત હતો. કહેવા લાગ્યો, અહીં ખોદકામ કરો. લોકોએ ખોદકામ કર્યું તો સંદૂક નીકળી. કહેવા લાગ્યા, એને ખોલો. જયારે લોકોએ સંદૂક ખોલી તો એમાં કિતાબો નીકળી જેમાં જાદૂઈ મંત્રો લખેલા હતા. શૈતાન કહેવા લાગ્યો, આ સુલૈમાન علیہ السلامનો ખજાનો છે અને આ એમનો ઈલ્મ (તથા જાદૂ) છે. (મઆઝલ્લાહ !) એના થકી સુલૈમાન علیہ السلام માનવો, પક્ષીઓ, જિન્નાત તથા હવા પર હુકૂમત કર્યા કરતા હતા. લોકોએ શૈતાનની આ વાતચીતથી પ્રભાવિત થઈને જાદૂને લોકોમાં ફેલાવી દીધો અને એ વાત મશહૂર કરી દીધી કે (મઆઝલ્લાહ !) હઝરત સુલૈમાન علیہ السلام જાદૂગર હતા. હુઝૂર صلی اللہ علیہ وسلمના આગમન સુધી યહૂદી હઝરત સુલૈમાન علیہ السلامના બારામાં એ જ રાય ધરાવતા હતા કે તેઓ નબી નહીં પણ જાદૂગર હતા.

જયારે હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત સુલૈમાન علیہ السلامનો ઉલ્લેખ અંબિયાએ કિરામ علیہم السلامમાં કર્યો તો યહૂદી શોર મચાવવા લાગ્યા અને વાંધો ઉઠાવતાં કહેવા લાગ્યા કે આપ નબીઓના વર્ણનમાં હઝરત સુલૈમાન علیہ السلامનો ઉલ્લેખ કેમ કરો છો ? એ તો જાદૂગર હતા! (મઆઝલ્લાહ !) એના પર આયત નાઝિલ થઈ કે હઝરત સુલૈમાન علیہ السلامએ કુફ્ર નથી કર્યું, કેમ કે મોટાભાગે જાદૂ ખાસ કરીને

હઝરત સુલૈમાન عليه السلام ના જમાનામાં જે જાદૂ હતો તે કુફ્રિયા જાદૂ હતો. એમાં કુફ્રિયા તથા શિર્કિયા મંત્રો રહેતા હતા. રબ તઆલાનો ઈર્શાદ છે :–

وَمَا كَفَرَ سُلَيْمٰنُ وَلٰكِنَّ الشَّيٰطِيْنَ كَفَرُوْا يُعَلِّمُوْنَ النَّاسَ السِّحْرَ

"સુલૈમાન عليه السلام એ કુફ્ર નથી કર્યું, હા ! શૈતાનો કુફ્ર કરે છે અને લોકોને જાદૂ શીખવાડે છે." *(સૂ. બકરહ, ૨/૧૦૨)*

મોહતરમ હઝરાત ! એ તો તમે જાણી લીધું કે લોકોમાં જાદૂ કેવી રીતે આમ થયો અને કેવી રીતે તે વધતાં વધતાં દરેક દૌરમાં ચાલુ રહ્યો અને આજે પણ લોકો તેને પોતાના બુરા હેતુઓ માટે ઉપયોગમાં લે છે. યાદ રાખશો કે **જાદૂ કરવો હરામ તથા જહન્નમમાં લઈ જનારું કામ છે.** અને જો એમાં કોઈ કુફ્રી વાતો હોય **તો કરનારો કાફિર થઈ જશે.** જાદૂ હલાક કરનારી ચીજોમાંથી છે. હદીષોમાં જાદૂ કરનારાઓની સખ્તી સાથે બુરાઈ કરવામાં આવી છે. જેમ કે આપની ખિદમતમાં હદીષો પેશ કરું છું જેથી કરીને જો કોઈ આ બુરા કૃત્યમાં સપડાયેલ છે તો હજી પણ સમય છે કે તૌબા કરી લે, નહીં તો હલાકત તથા બર્બાદી માટે તૈયાર થઈ જાય.

## ★ હલાક (બર્બાદ) કરનારી ચીજો ★

**હદીષ શરીફ** : સહીહ બુખારી કિતાબુલ વસાયામાં હદીષ નં. ૨૭૬૬ નકલ છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી પાક صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : સાત હલાક કરનારી ચીજોથી બચો ! સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم એ કઈ ચીજો છે ? ઈર્શાદ ફર્માવ્યો : (૧)

અલ્લાહ તઆલા સાથે શિર્ક કરવું. (૨) એ જાનને નાહક્ક઼ ક઼ત્લ કરવી જેને અલ્લાહ તઆલાએ હરામ કરી. (૩) વ્યાજ ખાવું. (૪) યતીમનો માલ ખાવો. (૫) જેહાદમાં પીઠ ફેરવીને ભાગવું. (૬) પાકબાઝ સ્ત્રીઓ પર આક્ષેપ મૂકવો. (૭) જાદૂ કરવો.

## ★ જ્યોતિષો પાસે જવું અને તેમની વાતો પર યક઼ીન કરવું ★

અમુક લોકો જ્યોતિષ, કાહિનો અને રમલ તથા જફરના જૂઠા દાવેદારોની પાસે જઈ ક઼િસ્મતનો હાલ માલૂમ કરે છે, પોતાનો હાથ દેખાડે છે, ફાલનામાં કઢાવે છે પછી એના પ્રમાણે ભાવિ જીવનનું આયોજન કરે છે. આ કાર્યપધ્ધતિમાં નુકસાન જ નુકસાન છે.

**હદીષ શરીફ** : સહીહ મુસ્લિમ, બાબ باب تحریم الکہانۃ وتیان الکہان માં હદીષ નક઼લ છે. નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **"જે કોઈ નજૂમી (જ્યોતિષ)ની પાસે જઈને કોઈ ચીજના બારામાં પૂછે, તો ચાલીસ દિવસ સુધી તેની નમાઝ ક઼બૂલ નથી થતી."**

ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ ફતાવા રઝવિય્યહ, ૨૧/૧૫૫ (રઝા ફાઉન્ડેશ) પર લખે છે : **કાહિનો તથા જ્યોતિષો (જોગીઓ)ને હાથ બતાવીને તક઼દીરનું ભલુબુરુ પૂછયું જો તેના પર યક઼ીન રાખીને હોય એટલે જે એ બતાવે છે તે હક્ક઼ છે તો તદ્દન કુફ્ર છે.** અને એતેક઼ાદ રૂપે (યક઼ીનની સાથે) ન હોય પણ આકર્ષણની સાથે હોય તો **ક઼બીરા ગુનોહ** છે અને

જો હંસી મજાક પૂરતુ હોય તો **નિરર્થક તથા મકરૂહ** છે. હા ! જો આજિઝ તથા ઝલીલ કરવાની નિય્યત હોય તો વાંધો નથી.

મોહતરમ હઝરાત ! બુધ્ધિ પણ એ વાતને સ્વીકારે છે કે જો એ જ્યોતિષો અને બનાવટી આમિલોની પાસે એટલો ઈલ્મ હોત તો તેઓ પોતે જ પોતાનો હાથ જોઈને પોતાની કિ઼સ્મતનો હાલ કેમ માલૂમ નથી કરી લેતા ?! તેઓ જાતે જ પોતાનો હિસાબ કિતાબ લગાડીને કેમ માલદાર નથી બની જતા ?! જાણવા મળ્યું કે એ લોકો ધોકાબાઝ છે, પ્રપંચી છે. અલ્લાહ કરે આપણા મુસલમાન ભાઈ તથા ખાસ કરીને આપણી બહેનો આ હક઼ીક઼તને સમજે.

મોહતરમ હઝરાત ! હવે અંતમાં હદીષો તથા ઉમ્મતના ઉલમાના કથનોની રોશનીમાં જાદૂનો ઈલાજ માલૂમ કરીએ છીએ.

## ★ જાદૂના ઈલાજો ★

**ઈલાજ નં. ૧** : ઉમ્દતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, ૧૪/૬૪ પર અલ્લામા બદરુદ્દીન અયની رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લામા કુર્તબી رحمۃ اللہ علیہએ હઝરત વહબ رحمۃ اللہ علیہથી રિવાયત કરી. તે ફર્માવે છે, બોરડીના ઝાડનાં સાત પાંદડાં લઈને તેને બે પથ્થરો વચ્ચે પીસી લેવામાં આવે, પછી તેને પાણીમાં મિલાવી લેવામાં આવે અને એ પાણી પર આયતુલ કુર્સી પઢવામાં આવે અને એમાંથી ત્રણ ઘૂંટડા જેના પર જાદૂ કરવામાં આવ્યો હોય તેને પીવડાવવામાં આવે અને બાકીના વડે તેને ગુસ્લ આપવામાં આવે. (ગુસ્લ કોઈ ટબ વગેરેમાં કરે કે જેથી પાણી બહાર ન પડે. પછી પાણી ભેગુ કરીને ક્યારી વગેરેમાં નાખી દેવામાં આવે) ઈન્શાઅલ્લાહ !

જાદૂ ખત્મ થઈ જશે.

**ઈલાજ નં. ૨** : સુનને નિસાઈમાં હદીષ નં. ૨૦૬૫ નક઼લ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમને તે કલમા ન બતાવું જે (બદમાશ જિન્નાત, જાદૂ તથા બુરી નજરથી) અલ્લાહ તઆલાની પનાહની તલબમાં સૌથી અફઝલ છે ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ કેમ નહીં! (આપ જરૂર બતાવો) ઈર્શાદ ફર્માવ્યો, એ કલમા આ બે સૂરતો છે : સૂરએ ફલક઼ તથા સૂરએ નાસ.

**ઈલાજ નં. ૩**: સહીહ બુખારીમાં હદીષ નં. ૫૪૪૫ નક઼લ થયેલ છે. નબી પાક ﷺએ ફર્માવ્યું, જેણે નર્યા કોઠે અજવા ખજૂરની સાત પેશીઓ ખાય લીધી, તે દિવસે તેને જાદૂ તથા ઝહેર પણ નુકસાન પહોંચાડશે નહીં.

**ઈલાજ નં. ૪** : અબૂ દાઊદ શરીફ કિતાબુત્તિબ્બમાં છે : જે શખ્સને જાદૂ અથવા જિન્નાતના કારણે બુરા ખ્વાબ આવતા હોય, ગભરાહટ થતી હોય કે ડર મેહસૂસ થતો હોય, તેણે જોઈએ કે આ દુઆ પઢીને દમ કરી લે અથવા કરાવી લે તો શિફા થશે :–

اَعُوذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّةِ مِنْ غَضَبِهٖ وَشَرِّ عِبَادِهٖ وَمِنْ هَمَزَاتِ الشَّيَاطِيْنِ وَاَنْ يَّحْضُرُوْنِ

**ઈલાજ નં. ૫** : જન્નતી ઝેવરના પેજ નં. ૬૦૯ પર છે કે જાદૂ ટોનાના માટે આ આયત લખીને બીમારના ગળે પહેરાવવામાં આવે અને પાણી પઢીને પીવડાવે તથા એ જ પઢેલા પાણી વડે બીમારને કોઈ મોટા ટબમાં બેસાડીને નવડાવે અને પાણીને કોઈ

કયારી વગેરે જગાએ નાખી દે. આયત આ છે :

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

فَلَمَّآ اَلۡقَوۡا قَالَ مُوۡسٰى مَا جِئۡتُمۡ بِهِ ۙ السِّحۡرُ ؕ اِنَّ اللّٰهَ سَيُبۡطِلُهٗ ؕ اِنَّ اللّٰهَ لَا يُصۡلِحُ عَمَلَ الۡمُفۡسِدِيۡنَ ﴿۸۱﴾

''પછી જ્યારે તેમને નાખ્યો, મૂસાએ કહ્યું, આ તમે જે લાવ્યા તે જાદૂ છે. હવે અલ્લાહ એને બાતિલ કરે દેશે. અલ્લાહ ફસાદીઓનું કામ નથી બનાવતો.'' *(સૂરએ યૂનુસ, ૧૦/૮૧)*

**ઈલાજ નં. ૬ :** અજાઈબુલ કુર્આનના પેજ નં. ૨૩૧ પર નક઼લ થયેલ છે કે સૂરએ ફલક઼ તથા સૂરએ નાસ, એ બંનેવ સૂરતો જિન તથા શૈતાનો, અને બુરી નજર તથા વળગાડ તથા તમામ બીમારીઓ, ખાસ કરીને જાદૂ ટોનાનો સચોટ ઈલાજ છે. તેને લખીને તાવીઝ બનાવો અને ગળામાં પહેરાવો, અને તેને વારંવાર પઢીને બીમાર પર દમ કરો, અને ખાવા પીવા તથા દવાઓ પર પઢીને ફૂક મારો અને બીમારને ખવડાવો પીવડાવો, ઈન્શાઅલ્લાહુ તઆલા ! દરેક બીમારી ખાસ કરીને જાદૂ ટોના દૂર થઈ જશે અને બીમાર શિફ઼ાયાબ થઈ જશે.

**ઈલાજ નં. ૭ :** ઈસ્લામી જિંદગીના પેજ નં. ૧૩૪ પર નક઼લ થયેલ છે : જો શબે બરાતના બોરડીનાં સાત પાંદડાં પાણીમાં જોશ દઈને (જ્યારે પાણી નહાવા લાયક થઈ જાય ત્યારે) ગુસ્લ કરે તો ઈન્શાઅલ્લાહ ! આખુ વરસ જાદૂની અસરથી મેહફૂઝ રહેશે.

યાદ રાખશો કે રાત મગરિબ પછી શરૂ થાય છે જેથી ૧૪મી

શાબાનની અસર બાદ બોરડીના પાણીથી નહાવાથી આ ફાયદો થશે નહીં, બલ્કે મગરિબ અથવા ઈશા બાદ નહાવા પર આ ફાયદો હાંસલ થશે.

## ★ અંતમાં એક મહત્વની ચેતવણી ★

મોહતરમ હઝરાત ! આ મેં જાદૂનાં ટૂંકાણમાં ઈલાજ આપની સમક્ષ રજૂ કર્યા જેથી આપ જાતે પણ પોતાનો ઈલાજ કરી શકો. બસ છેવટમાં આપની ખિદમતમાં એક મહત્વની વાત અર્ઝ કરું છું કે **બનાવટી બાપુઓ, આમિલો લોકોના દિમાગોમાં એ વાતો બેસાડે છે અને દરેક આવનારાને કહે છે કે, "તમારા પર તો કાળો જાદૂ કરવામાં આવ્યો છે, તમારી રોજી સિફ્લી ઈલમ વડે બાંધી દેવામાં આવેલી છે." સ્ત્રીઓને વહેમમાં નાખવા માટે કહે છે કે, "તમારા પર તમારી સાસુએ જાદૂ કરાવ્યો છે." સાસુને કહે છે કે "તમારા પર તમારી વહુએ જાદૂ કરાવ્યો છે." આ પ્રમાણે કુટુંબના જ સભ્યો કે સગાં દેરાણી, જેઠાણી વગેરેનાં નામો લઈને કહે છે કે તેમણે જાદૂ કરાવ્યો છે. અને આ રીતે લોકો આ જાહિલ તથા બનાવટી આમિલોના ધોકામાં ફસાતાં ચાલ્યાં જાય છે, આ રીતે તેમનો ધંધો રોજગાર વહેમમાં તથા ટેન્શનનમાં પડી ભાગે છે તથા સગાંઓમાં દુશ્મનાવટ ઉભી કરીને જિંદગીને ઝહેર બનાવી દેતા હોય છે.**

મારી સુન્ની અવામને ગુઝારિશ છે કે ખુદારા ! તેમની બનાવટી વાતોમાં ન આવે, તેમની વાતો પર યક઼ીન ન કરે. જો કદી કોઈ

મુશ્કેલીમાં સપડાય જાય તો કેવળ અને કેવળ સુન્ની સહીહુલ અક઼ીદા આલિમે બાઅમલ સમક્ષ રજૂ કરે જે સહીહ અમલિયાત જાણતો હોય, કેમ કે અહીં એવા એવા ધોકાબાઝ પણ બેઠેલા છે જેઓ પોતે પોતાને સુન્ની તથા ફલાણા ફલાણા બુઝુર્ગના ખલીફા તથા તેમના વંશજ બતાવે છે, પણ તે પોતે બનાવટી કે બદમઝહબ પણ હોય છે. અમુક તો મુસલમાન પણ નથી હોતા ! (અલ્લાહની પનાહ !) અલ્લાહ તઆલા આપણને સૌને પોતાના ફઝ્લો કરમના સાયામાં રાખે અને દરેક મુસીબત તથા પરેશાનીથી મેહફૂઝ રાખે. આમીન.


**ફક્ત રૂા. ૩૦માં કિતાબ મંગાવો**

કિતાબ : **પ્રો. તાહિરુલ ક઼ાદરી હક઼ીક઼તના આઈનામાં**

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

પોતાના બયાનો તથા વાકચાતુર્યથી સામાન્ય પબ્લિકને આંજી દેનાર પ્રો. તાહિરુલ ક઼ાદરીની કેવી ગુમરાહીઓ છે તે જાણવા આ કિતાબ જરૂરથી મંગાવો.

પ્રકાશક : **બરકાતે ખ્વાજા મંથલી,** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કિતાબ મેળવવા રૂા. ૩૦ બેંક એકાઉન્ટમાં જમા કરો**
**અથવા પ્રકાશકના સરનામે M.O. કરો.**
**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
**A/c. No. 34620100000303 Razvi Kitab Ghar**
**IFSC Code : BARB0DAYADR**
**Mo. 9427464411 (PhonePe/Paytm)**